# સાગતાળા પોલીસે ઈકો ગાડીમાંથી 6.43 લાખનો દારૂ ઝડપ્યો, બે બુટલેગર વોન્ટેડ

**મધ્યપ્રદેશ-ગુજરાત** બોર્ડર વિસ્તારમાં ફરી દારૂની હેરાફેરી સક્રિય બનતી જોવા મળતા સાગતાળા પોલીસ પણ એક્શન મોડમાં



(પ્રતિનિધિ) દેવગઢ બારીઆ, તા.24

દાહોદ જિલ્લાના સાગતાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પંચીયાસાણ ગામ નજીક આવેલી ચેક પોસ્ટ પર સાગતાળા પોલીસે દારૂના કાળા ધંધા પર જોરદાર પ્રહાર કર્યો છે. મધ્યપ્રદેશથી ગુજરાતમાં ઘૂસાડવામાં આવતો ભારતીય બનાવટનો વિદેશી દારૂ ઝડપીને પોલીસે રૂ.6.43 લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક રવિરાજસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં પ્રોહિબિશન અને બુટલેગરો સામે સતત કડક કાર્યવાહી ચાલી રહી છે. જેના ભાગરૂપે સાગતાળા પોલીસ સ્ટેશનના પી.આઈ. જી.બી. પરમારની આગેવાનીમાં પંચીયાસાણ ચેક પોસ્ટ પર વાહન ચેકિંગ હાથ ધરાયું હતું.

પેટ્રોલિંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી. તે સમયે મધ્યપ્રદેશના અલીરાજપુર તરફથી પંચાયત ગામ તરફ આવી રહેલી ઈકો ગાડી નંબર GJ-17-BN-2303 ને રોકી તપાસ કરતાં ગાડીમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની 180 બોટલો (180 મી.લી.) મળી આવી હતી.

ઝડપાયેલ દારૂની કિંમત રૂ.3,43,200/- તથા ગુનામાં વપરાયેલી ઈકો ગાડીની કિંમત રૂ.3,00,000/- હોવાનું બહાર આવ્યું છે. આમ કુલ રૂ.6,43,200/- નો મુદ્દામાલ પોલીસ દ્વારા જપ્ત કરવામાં આવ્યો છે.

આ કેસમાં રાજેન્દ્રભાઈ કલાભાઈ બારિયા (રહે. ભૂતપાગલા, તા. દેવગઢ બારીઆ) અને ઈશુભાઈ પુનાભાઈ તોમર (રહે. કાકડવા, તા. ફતેહપુર, જી. અલીરાજપુર, મ.પ્ર.) સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધાયો છે. બંને આરોપીઓને વોન્ટેડ જાહેર કરી પોલીસે તેમની ધરપકડ માટે તપાસ તેજ કરી છે.

### કાલોલમાં યુવક પર આડા સંબંધના આક્ષેપ સાથે હુમલો

# "તું મારી પત્ની સાથે આડા સંબંધ કેમ રાખે છે?" કહી માર માર્યો

**લાકડી અને** લોખંડની પાઇપથી મારામારી, બંને પક્ષે સામસામી ફરિયાદ

(પ્રતિનિધિ) કાલોલ, તા.24

કાલોલ તાલુકાના અંબાલા ગામ નજીક સાતમણા નર્મદા કેનાલ બ્રિજ પાસે આડા સંબંધના આક્ષેપને લઈને ગંભીર મારામારીની ઘટના સામે આવી છે. આ મામલે કાલોલ પોલીસ મથકે બંને પક્ષે સામસામી ફરિયાદો નોંધી છે.

અંબાલા ગામના રહેવાસી મંગળસિંહ ભારતસિંહ રાઠોડે ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમના પુત્ર દિલીપ સોમવારે બપોરે નોકરી માટે મોટરસાયકલ લઈને નીકળ્યા હતા. તે સમયે સાતમણા નર્મદા કેનાલ બ્રિજ પાસે કિશન યોગેશ ચૌહાણ, યોગેશ સામત ચૌહાણ, રાજેશ સામત ચૌહાણ અને વિક્રમ લક્ષ્મણ રાઠોડે દિલીપને અટકાવી 'તું મારી પત્ની સાથે આડા સંબંધ કેમ રાખે છે?' તેમ કહી હુમલો કર્યો હતો. ચારેયએ દિલીપને પકડી ગડદા-પાટુનો માર માર્યો હતો. જેમાં કિશને લોખંડની પાઈપથી, જ્યારે રાજેશ અને વિક્રમે લાકડી વડે માર માર્યો હતો. આ હુમલામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત દિલીપને કાલોલ રેફરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાંથી વધુ સારવાર માટે ગોધરા રીફર કરવામાં આવ્યા હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે.

બીજી તરફ, સામે પક્ષે યોગેશભાઈ સામતભાઈ ચૌહાણે પણ દિલીપસિંહ મંગળસિંહ રાઠોડ સામે ફરિયાદ નોંધાવી છે. તેમાં જણાવ્યા મુજબ આડા સંબંધો અંગે પૂછપરછ કરતાં દિલીપ ઉશ્કેરાઈ ગયો હતો, ગાળો બોલી ગડદા-પાટુનો માર માર્યો અને નજીકથી લાકડાનો દંડો ઉઠાવી કમરના ભાગે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

આ સમગ્ર ઘટનાને લઈને કાલોલ પોલીસે બંને પક્ષોની ફરિયાદો દાખલ કરી આગળની કાયદેસરની કાર્યવાહી અને તપાસ શરૂ કરી છે.

### ઇજાગ્રસ્તને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં લઈ જવાયા

# ગરબાડા તાલુકાના દેવધા ગામે છકડો પલટી જતાં 1નું મોત, એક ઈજાગ્રસ્ત

ગરબાડા તાલુકાના દેવધા ગામે છકડો પલટી ખાતા એકનું મોત, એક ઇજાગ્રસ્ત



(પ્રતિનિધિ) ગરબાડા, તા.24

દાહોદ-અલીરાજપુર હાઈવે ઉપર અવારનવાર અકસ્માતોની ઘટનાઓ સામે આવી રહી છે. તે વચ્ચે ગરબાડા તાલુકાના દેવધા ગામે દાહોદ-અલીરાજપુર હાઈવે પર દાહોદ તરફથી ગરબાડા તરફ જઈ રહેલો એક છકડો રોડની સાઈડમાં પલટી મારી જતા ગંભીર અકસ્માત સર્જાયો હતો.

અકસ્માત સમયે છકડામાં ચાર ઈસમો સવાર હતા, જેમાંથી બે વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન એક વ્યક્તિનું મોત નિપજ્યું હોવાનું જાહેર કરાયું હતું, જ્યારે અન્ય એક ઈજાગ્રસ્ત હાલ સારવાર હેઠળ હોવાનું જાણવા મળ્યું છે.

આ અકસ્માતની જાણ થતાં જ ગરબાડા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને અકસ્માત સંદર્ભે તપાસ શરૂ કરી જવાબદાર સામે ગુનો નોંધવા તજવીજ હાથ ધરી હતી.

## કાલોલમાં દબાણકારો સામે પોલીસ કાર્યવાહી

(પ્રતિનિધિ) કાલોલ, તા.24

કાલોલ પોલીસ દ્વારા તાલુકા પંચાયત પાસે જાહેર રસ્તા ઉપર નાસ્તાની લારી ઊભી રાખી વેપાર કરતો શખસને અટકાવી પુછપછ કરી હતી. આ શખસે અતુલસિંહ પ્રતાપસિંહ પટેલ (રહે.અંબાલાલ પાર્ક કાલોલ) હોવાનું જણાવ્યુ હતું. આ શખસની લારીથી રાહદારી અને વાહનોને અડચણરૂપ હતી. આથી, પોલીસે લારી કબજે કરી અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

કાલોલ પોલીસની કાર્યવાહીને પગલે તાલુકા પંચાયતની આસપાસ દબાણ કરી ઉભી રહેતી તમામ લારી અદ્રશ્ય થઈ જવા પામી હતી. કાલોલ લાલ દરવાજા થી લઈને તળાવ પાસે અને બસ સ્ટેન્ડ સુધી ગેરકાયદેસર રીતે દબાણ કરી ફુટપાથ રોકીને ઉભી રહેતી લારીઓ સામે નકકર કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી લોક માંગ છે.

# કાલોલના આઠ વર્ષ જૂના મારામારીના બે કેસમાં તમામ આરોપીઓ નિર્દોષ

**પુરાવાના** અભાવે કાલોલ કોર્ટે આરોપીઓને છોડી મુક્યા

(પ્રતિનિધિ) કાલોલ, તા.24

વર્ષ 2017માં કાલોલ શહેરમાં થયેલા મારામારીના બે ચકચારી કેસોમાં અંતે ન્યાયિક વળાંક આવ્યો છે. કાલોલની એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટ દ્વારા બંને કેસમાં તમામ આરોપીઓને પુરાવાના અભાવે નિર્દોષ જાહેર કરી છોડી મુકવાનો હુકમ આપવામાં આવ્યો છે.

મળતી વિગતો મુજબ, વર્ષ 2017માં કાશીમાબાદ સોસાયટી પાસે પાયલોટ હોટલના સંચાલકો દ્વારા હોટલમાં વપરાતા લાકડા અને કચરો ફરિયાદી વસીમભાઈ ઈદ્રીસ જુજારાના "હિન્દુસ્તાન ઑટો ગેરેજ" નામના કેબિન પાસે નાંખવામાં આવતા વિવાદ ઊભો થયો હતો. ફરિયાદીએ "તમારી હોટલનો કચરો મારા કેબિન પાસે કેમ નાખો છો?" એવી ટકોર કરતાં આરોપીઓ ઉશ્કેરાયા હોવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ફરિયાદમાં જણાવ્યા મુજબ ફારુક ઈસ્માઈલ દાઉદ, અશરફ સલીમ ઘાંચી, હારૂન ઈસ્માઈલ દાઉદ અને મહમદ ઈસ્માઈલ દાઉદે ગાળો બોલી પાઈપ, ગડદા-પાટુ વડે માર માર્યો હતો તથા કારનો કાચ પાવડા વડે તોડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ઉપરાંત અન્ય આરોપીઓ સામે પણ ઈજાઓ પહોંચાડ્યાનો આરોપ નોંધાયો હતો.

આ બંને કેસોની સુનાવણી એસ એસ પટેલની અદાલતમાં ચાલી હતી. આરોપી પક્ષ તરફથી પીએમ શેખ દ્વારા દલીલો કરવામાં આવી હતી. ઉલટ તપાસ દરમિયાન મહત્વની હકીકતો બહાર આવી હતી કે ફરિયાદી અને આરોપીઓ વચ્ચે અગાઉથી જમીન અંગેની તકરાર ચાલી રહી હતી અને બંને પક્ષે સામસામે કેસ નોંધાવ્યા હતા.

ડોક્ટરની ઉલટ તપાસમાં પણ ખુલ્યું હતું કે ઈજાગ્રસ્ત પોલીસ યાદી વિના સારવાર માટે આવ્યા હતા તેમજ ઈજાઓ કેવી રીતે, કયા સાધનથી અને કેટલા સમય પહેલા થઈ તેની સ્પષ્ટ હિસ્ટ્રી નોંધાયેલી નહોતી. કારના કાચ તોડ્યાનું કોઈ પંચનામું કરવામાં આવ્યું નહોતું, કોઈ સ્વતંત્ર સાક્ષી હાજર નહોતા અને ફરિયાદ પક્ષના સાક્ષીઓ પણ પોતાના જ પરિવારના હોવાનું નોંધાયું હતું. ઉપરાંત ફરિયાદ કરવામાં થયેલા વિલંબ અંગે કોઈ સંતોષકારક કારણ રજૂ કરવામાં આવ્યું નહોતું અને પંચો પણ હોસ્ટાઈલ થયા હતા. આ તમામ મુદ્દાઓને ધ્યાને લઈ અદાલતે નિષ્કર્ષ આપ્યો કે ફરિયાદ પક્ષ આરોપીઓએ ગેરકાયદેસર કૃત્ય કર્યું હોવાનું પુરવાર કરી શક્યો નથી. પરિણામે, બંને કેસમાં તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કરી છોડી મુકવાનો હુકમ આપવામાં આવ્યો છે.

### હાલોલમાં સુવર્ણ જયંતી મહોત્સવ અંતર્ગત ભગિની સંસ્થાઓ દ્વારા રેલી યોજાઈ






હાલોલ મહાજન ઊંચ્ચ શિક્ષણ મંડળ હાલોલ તથા એમ.એન્ડ વી.આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા 29મી ડિસેમ્બરના રોજ કોલેજ કેમ્પસ ખાતે સુવર્ણ જયંતી મહોત્સવ ઉજવવા જઇ રહ્યું છે આ ઉજવણીના ભાગરૂપે બુધવારના રોજ હાલોલ નગરમાં ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજ ખાતેથી આ રેલી નીકળી હતી અને નગરના વિવિધ વિસ્તારોમાં ફરી હાલોલ - કણજરી રોડ પર રેલીનું સમાપન કરવામાં આવ્યું હતું. જ્યારે આ પ્રસંગે હાલોલ મહાજન ઊંચ્ચ શિક્ષણ મંડળના પ્રમુખ પ્રફુલચંદ્ર એમ શાહ,શાળાના માનદ મંત્રી સમીરભાઈ શાહ,એમ.એન્ડ વી , આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના આચાર્ય ડો.યશવંત શર્મા તેમજ શાળાના ટ્રસ્ટી મુકુંદભાઈ તેમજ સભ્ય અતુલભાઈ શેઠ સહિત નગરના અગ્રણીઓ, વિદ્યાર્થીઓ વિગેરે હાજર રહ્યા હતાં.

# દાહોદ જિલ્લામાં પ્રતિબંધિત પ્લાસ્ટિક સામે મોટી કાર્યવાહી

**ઇન્દોર-અમદાવાદ** નેશનલ હાઈવે પર બે ટ્રક ઝડપાઈ, 5 ટન પ્લાસ્ટિક જપ્ત



(પ્રતિનિધિ) દાહોદ, તા.24

દાહોદ જિલ્લામાં પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઉપયોગ અને હેરાફેરી સામે વહીવટી તંત્ર દ્વારા મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ઈન્દોર-અમદાવાદ નેશનલ હાઈવે પર હાલોલ તેમજ અંકેશ્વરથી ઝારખંડ અને ભોપાલ તરફ જઈ રહેલી પ્રતિબંધિત પ્લાસ્ટિક ભરેલી બે ટ્રકોને આરટીઓ ચેકપોસ્ટ પરથી ઝડપી લેવામાં આવી હતી.

આ સંયુક્ત કાર્યવાહી દાહોદ નગરપાલિકા, ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ તથા પોલીસ વિભાગની ટીમ દ્વારા કરવામાં આવી. તપાસ દરમિયાન 120 માઈક્રોન લખેલી થેલીઓમાંથી વાસ્તવમાં માત્ર 30 માઈક્રોનની પ્રતિબંધિત પ્લાસ્ટિક થેલીઓ મળી આવી હતી.

આ કાર્યવાહીમાં અંદાજે 5 ટન જેટલો પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. પ્લાસ્ટિક મંગાવનાર તેમજ મોકલનાર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

પ્રતિબંધિત પ્લાસ્ટિકની હેરાફેરીને અટકાવવા માટે વહીવટી તંત્ર દ્વારા સતત વોચ અને ચેકિંગની કાર્યવાહી ચાલુ રાખવામાં આવી છે.

# મહુડી ખાતે ટીબી નિર્મૂલન ઝુંબેશ આરોગ્ય તપાસ કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) ઝાલોદ, તા.24

ઝાલોદ તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મહુડી ખાતે આજ રોજ રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત ચાલી રહેલી 100 દિવસની સઘન ટીબી નિર્મૂલન ઝુંબેશ દરમિયાન પોર્ટેબલ એક્સ-રે મશીન દ્વારા વિવિધ કેટેગરીના કુલ 322 લાભાર્થીઓના એક્સ-રે લેવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. ઉદય ટીલાવત તથા જિલ્લા ક્ષય અધિકારી ડૉ. આર.ડી. પહાડીયાના માર્ગદર્શન હેઠળ અને તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. તુષાર ભાભોરના નેતૃત્વમાં કરવામાં આવ્યું હતું.



કાર્યક્રમ દરમિયાન લાભાર્થીઓની બી.પી., ઊંચાઈ, વજન, એચ.આઈ.વી. અને આરબીએસ સ્ક્રીનિંગ સહિતની આરોગ્ય તપાસ પણ કરવામાં આવી. ઉપરાંત, લાભાર્થીઓને ટીબીના રોગના લક્ષણો, જરૂરી કાળજી તથા સમયસર નિદાન અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને જિલ્લા પંચાયત સભ્યશ્રી મુકેશભાઈ ડામોર, મહુડી પ્રા.આ.કેન્દ્રના મેડિકલ ઓફિસર ડૉ. વિશ્વનાથ મુનીયા, ડૉ અર્પિત પારગી,ડૉ. પિયુષ લબાના, ડૉ. મમતા ડામોર, તાલુકા ટીબી સુપરવાઈઝર સતીશભાઈ ગરાસીયા, પીએચસી ઈનચાર્જ મેલ સુપરવાઈઝર જેસિંગભાઈ ચારેલ, સી.એચ.ઓ. નોડલ સુનિલભાઈ પડવાલ, તેમજ FHS/MPHW, FHW અને આશા બહેનોના સહયોગથી સફળ બનાવવામાં આવ્યો હતો.

# દાહોદ ખાતે ભારત જ્ઞાન ખંડ એકેડમી દ્વારા સેમિનાર યોજાયો



(પ્રતિનિધિ) દાહોદ, તા.24

દાહોદ વિધાનસભાના ધારાસભ્ય કનૈયાલાલ કિશોરીજીના અધ્યક્ષસ્થાને તારીખ 23મી ડિસેમ્બરના મંગળવારે સવારે ૧૦:૦૦ કલાકે પ્રસંગ પાર્ટી પ્લોટ- ૧ ટોપી હોલ ગોવિંદ નગર દાહોદ ખાતે ભારત જ્ઞાન ખંડ એકેડમી દ્વારા ફ્રી પોલીસ કોન્સ્ટેબલના કોચિંગ ક્લાસ માટે આયોજીત સેમિનાર માં હાજર રહી તમામ ઉમેદવારો નો ઉત્સાહ વધાર્યો હતો.

આ પ્રસંગે જિલ્લા ભાજપ પૂર્વ પ્રમુખ સુધીરભાઈ લાલપુરવાળા પ્રાયોજના વહીવટદાર મીના સાહેબ એકેડમીની ટીમ ભાવેશભાઈ નિનામા કલ્પ કિશોરી મોટી સંખ્યામાં યુવાનો ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતાં.

# હાલોલ પાલિકા દ્વારા દબાણ અને સિંગલ યુઝ પ્લાસ્ટિક સામે અભિયાન

**ટ્રાફિક અને** સામાન્ય જનતાને ભારે અડચણ થતી હોવાની અનેક ફરિયાદો પાલિકાને મળી હતી, પોલીસ બોલાવવી પડી





(પ્રતિનિધિ) હાલોલ, તા.24

હાલોલ નગરપાલિકા દ્વારા શહેરના શાકમાર્કેટ વિસ્તારમાં લાંબા સમયથી ચાલી રહેલા ગેરકાયદેસર દબાણો અને પ્રતિબંધિત સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉપયોગ સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જાહેર રસ્તાઓ પર આડેધડ લારીઓ ઊભી રહેતા ટ્રાફિક અને સામાન્ય જનતાને ભારે અડચણ થતી હોવાની અનેક ફરિયાદો નગરપાલિકાને મળી હતી.

આ ફરિયાદોને ધ્યાને લઈ ચીફ ઓફિસર ગૌરાંગ પટેલની સૂચનાથી પાલિકાનીની આરોગ્ય ટીમે ગઈકાલે શાકમાર્કેટમાં વિશેષ ડ્રાઈવ હાથ ધરી હતી. કાર્યવાહી દરમિયાન દબાણ હટાવવું, સ્થળ પર કચરો ન થાય તેની સુચના આપવી તેમજ પ્રતિબંધિત સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ રોકવા અંગે કડક ચેકિંગ કરવામાં આવ્યું હતું. આ કાર્યવાહી દરમિયાન કેટલાક લારીચાલકો દ્વારા નગરપાલિકાની ટીમનો વિરોધ કરવામાં આવ્યો હતો. ઉશ્કેરાયેલા લારીચાલકો દ્વારા બોલાચાલી કરતા પરિસ્થિતિ તણાવપૂર્ણ બની હતી અને કામગીરીમાં અવરોધ ઊભો થયો હતો. પરિસ્થિતિ બગડે નહીં અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી નગરપાલિકાની ટીમે તાત્કાલિક પોલીસમાં લેખિત અરજી આપી હતી. આ બનાવની જાણ થતાં જ હાલોલ પોલીસના જવાનો સ્થળ પર પહોંચ્યા હતા અને તેમની હાજરીમાં ગેરકાયદેસર રીતે ઉભી રહેલી લારીઓ હટાવવાની તેમજ અડચણરૂપ દબાણો દૂર કરવાની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી હતી.

# શહેરામાં જૂની અદાવતમાં 5 શખસ દ્વારા ફિલ્મી ઢબે હુમલો

**ડિઝલ છાંટી** સળગાવી દેવાનો પ્રયાસ કરાયાનો આક્ષેપ

(પ્રતિનિધિ) ગોધરા, તા.24

પંચમહાલ જિલ્લાના શહેરામાં આવેલી જે.જી. હાઈસ્કૂલ નજીક જૂની અદાવતની રીસ રાખીને સ્કોર્પિયો ચાલકે ઈકો કારને જાણી જોઈને જોરદાર ટક્કર મારતા કાર 30થી 40 ફૂટ ફંગોળાઈને ખાડામાં ખાબકી હતી.

બોરીયાવીના રહેવાસી જયદીપસિંહ અભેસિંહ બામણીયા શહેરા પોલીસ સ્ટેશને એક અરજીના કામે આવ્યા હતા. ત્યાંથી પરત ફરતી વખતે શહેરા-લુણાવાડા હાઈવે પર જે.જી. હાઈસ્કૂલ નજીક સામેથી પુરઝડપે આવેલી સ્કોર્પિયો GJ-06-KP-7446ના ચાલક મહેન્દ્રભાઈ ડાભીએ ફરિયાદીની ઈકો કારને ટક્કર મારી હતી. આ ટક્કર એટલી ભયાનક હતી કે ઈકો કાર રોડ પરથી ફંગોળાઈને પલટી મારી ગઈ હતી. આ અંગે ફરિયાદમાં જણાવ્યા અનુસાર, અકસ્માત બાદ આરોપીઓ પ્લાસ્ટિકના કેરબામાં ડિઝલ લઈને આવ્યા હતા અને ફરિયાદી તથા સાહેદો પર ડિઝલ છાંટી, જાતિવિષયક અપમાન કરી જીવતા સળગાવી દેવાનો પ્રયાસ કર્યો હતો.

આ ઘટના અંગે ડીવાયએસપી બિંદ્રા જાડેજાએ જણાવ્યું હતું કે, ઈજાગ્રસ્તોને સારવાર માટે ગોધરા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હોવાથી, સારવારને પ્રાથમિકતા આપી ૬-૭ કલાક બાદ ભોગ બનનારની ફરિયાદ લેવામાં આવી છે. પોલીસે એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.